**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૮.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૨૮ ટકા

# શહેરમાં લાલચટાક તરબૂચનું આગમન

## ફૂટપાથ અને ફળોની લારીઓમાં જથ્થાબંધ તરબૂચની આવક

ગાંધીનગર, તા.૧૩

ઉનાળામાં સૌથી વધુ જેની રાહ જોવામાં આવે છે તેવું ફળ એટલે તરબૂચ. જેનું માર્કેટમાં આગમન થઈ ગયું છે. ગરમીની ઋતુ આવી રહી છે એવામાં શરીરને ઠંડક આપવા માટે તરબૂચનું સેવન એક સારો વિકલ્પ ગણાય છે. તરબૂચ કોને ન ભાવે? ઉનાળામાં તો તરબૂચ લગભગ દરેકના ઘરમાં લવાતું જ હોય છે. તરબૂચ શરીરને હાઈડ્રેટ રાખવા માટે ઘણું મદદરૂપ સાબિત થાય છે.

શહેરમાં ફૂટપાથ પર તથા ફળોની લારીઓમાં તરબૂચનો જથ્થો જોવા મળી રહ્યો છે. જેનો ભાવ ૪૦ રૂ. થી ૫૦ રૂ. છે.

તરબૂચના ટુકડા નાંખેલું શરબત હોય કે પછી મસાલો છાંટીને ટેસ્ટી બનાવેલી તરબૂચની ફ્રુટ ડીશ હોય ઉનાળાના દિવસોમાં તરસ્યા થયેલા રાહદારી માટે પોતાની તૃષા છિપાવવા માટેનું આ સરળ અને હાથવગું ખાદ્ય પદાર્થ છે. ઉનાળામાં વારંવાર તરસ લાગે છે અને પાણી પીવા છતાં તરસ મટતી નથી ત્યારે લાલ ગર્ભના તરબૂચને કાપી ખાવાથી તૃષાનું શમન થાય છે. ધ્યાનાકર્ષક લાલચટાક કલર, સાકર જેવો મીઠો-મધુરો સ્વાદ અને કાળઝાળ ગરમીમાં કોઠાને ટાઢક આપે તેવી શીતળતા ધરાવતું તરબૂચ ભલભલાના મોંમાં પાણી લાવી દે છે.



કલિંગર તરીકે પણ ઓળખાતા તરબૂચનું જન્મસ્થળ આફ્રિકા છે. પરંતુ જગતના બધા જ દેશોમાં આ ફળ લોકપ્રિય છે. નદી કાંઠાની રેતાળ જમીન અને પુષ્કળ પાણી ઉપલબ્ધ હોય એવી જગ્યાએ તરબૂચનો પાક વધારે સારો થાય છે. તરબૂચની વાવણી શિયાળામાં કરવામાં આવે છે જેને તૈયાર થતાં ત્રણેક મહિના જેટલો સમય લાગે છે. ઉનાળાની શરૂઆત થાય ત્યાં સુધી તો તરબૂચનો ઘણો ખરો પાક બજારમાં ઠલવાઈ જાય છે. ફેરિયાઓ રેકડી લઈને તરબૂચની ઉભી ચીરી કરીને તેનું છૂટક વેચાણ કરે છે. ઉનાળામાં વિપુલ પ્રમાણમાં થનારા તરબૂચ આરોગ્યની દૃષ્ટિએ પણ ફાયદાકારક છે.

તરબૂચ એ અસહ્ય ગરમીથી છુટકારો અપાવે છે. તાજા તરબૂચના ફળની અંદર ૯૨ ટકા પાણી અને પોષકતત્વો ભરપૂર હોય છે. મીઠા અને સ્વાદિષ્ટ તરબૂચની અંદર ખુબ જ પ્રમાણમાં લાઈકોપીન, એંટી ઓકિસડંટ અને એમિનો એસિડની સાથે વિટામીન એ, બી, સી હોય છે.

તરબૂચની તાસીર ઠંડી હોય છે. તેથી તરબૂચનું સેવન કરવાથી શરીરમાં રહેલી વધારાની ગરમી દૂર થઈ જાય છે. તરબૂચનો જયુસ પીવાથી પણ ખૂબ ફાયદો થાય છે.

● **બ્લડ પ્રેશર :** બ્લડ પ્રેશરની સમસ્યાવાળી વ્યકિતઓએ તરબૂચનું સેવન કરવું જોઈએ. તેમાં રહેલું પોટેશિયમ અને મેગ્નેશિયમ ધમની અને નસો પર જે દબાણ થાય છે તેને ઓછું કરે છે.

● **આંખો માટે :** તરબૂચમાં રહેલું વિટામીન આંખોનું તેજ વધારે છે. આંખોને સ્વસ્થ રાખે છે. આંખને લગતી કોઈ પણ સમસ્યા હોય તો તરબૂચનું સેવન અવશ્ય કરવુ જોઈએ.

● **તરબૂચના બીજના ફાયદા :**

(૧) કોઈપણ પ્રકારના ચામડીના રોગમાં તરબૂચના બીજને પીસીને તેનો લેપ લગાવવાથી ખૂબ જ ફાયદો થાય છે.

(૨) જૂના માથાના દુખાવામાં તરબૂચના બીજને પીસીને માથામાં અથવા કપાળમાં લગાવવાથી ત્વરિત જ છુટકારો મળે છે.

(૩) હૃદય માટે તરબૂચના બીજ ખૂબ જ ફાયદાકારક છે.

તરબૂચમાંથી ફેટા ચીઝ, સલાડ, બેસિલ આઈસ ટી, સાલસા વિગેરે બનાવવામાં આવે છે.

## હોમીયોપેથિક કોલેજ, મુબારકપુર ખાતે મેડિકલ ફર્સ્ટ રિસ્પોન્સની તાલીમનું આયોજન



ગાંધીનગર, તા.૧૩

હોમીયોપેથિક કોલેજ, મુબારકપુરા ખાતે આધારશીલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાયર એન્ડ સેફટી દ્વારા ઈમરજન્સી કેઝ્યુલટી હેન્ડલિંગ અને મેડિકલ ફર્સ્ટ રિસ્પોન્સની તાલીમનું આયોજન કર્યુ હતું. જેમાં સંસ્થામાં અભ્યાસ કરતા ૧૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન હોમીયોપેથિક કોલેજના આચાર્ય ડૉ.મનોજ બહેરા અને આર.એમ.ઓ. ડો. મેઘા નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં આધારશીલા ઈન્સ્ટિટ્યુટના ડૉ. મહાવીર નિમાવતે વિદ્યાર્થીઓને તાલીમ આપી હતી.

## શ્રી સમસ્ત બ્રહ્મસમાજના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી



ગાંધીનગર, તા. ૧૩

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર અંતર્ગત ન્યુ ગાંધીનગરમાં સમાવિષ્ટ રાંદેસણ, રાયસણ, કોબા વિસ્તારમાં રહેતા બ્રહ્મબંધુઓની કારોબારી મિટિંગ યોજાઈ હતી. જેમાં સર્વાનુમતે હોદ્દેદારોની વરણી આગામી ત્રણ વર્ષ માટે કરવામાં આવી હતી. જેમાં પ્રમુખપદે ઉદયભાઈ ભટ્ટ, મહામંત્રી ભાર્ગવભાઈ ભટ્ટ, ઉપપ્રમુખ પદે યજ્ઞેશભાઈ ગોર, જે.કે. ઉપાધ્યાય, દર્શનભાઈ જોષી, અનિલભાઈ પુરોહિત, સહમંત્રી પદે નિતિનભાઈ દવે, હિતેન્દ્રભાઈ પંડ્યા, પંકજભાઈ ત્રિવેદી, ઉપેન્દ્રભાઈ સોમપુરા, સંગઠન મંત્રી તરીકે તેજસભાઈ ભટ્ટ, મહેશભાઈ જોષી, વિપિનભાઈ ઓઝા, હેમંતભાઈ પંડ્યા, હસમુખભાઈ જોષી, કાયદા મંત્રી તરીકે કલ્પેશભાઈ પાઠક તથા સ્થાપક સંયોજકમાં ભાવેશભાઈ વ્યાસ, મિતુલભાઈ જોષીની વરણી કરવામાં આવી હતી.

## છત્રાલ લુંટ પ્રકરણમાં વધુ એક આરોપી શામળાજી ઝડપાયો

ગાંધીનગર, તા.૧૩

કલોલ-છત્રાલ માર્ગ પર પેપર મીલ પાસે ઈકો કારને આંતરી આંગડીયા પેઢીના રૂ. ૨ કરોડની ચકચારી લુંટ પ્રકરણમાં વધુ એક આરોપી શામળાજી પકડી પાડી રોકડા રૂ.૧૨ લાખ રીકવર કરી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાની ટીમના પીએસઆઈ વી.કે.રાઠોડ તેમજ ટીમના સભ્યો લુંટના આરોપીની તપાસમાં હતા. તે દરમિયાન બાતમીને પગલે વોન્ટેડ આરોપી ઈશ્વર રામાજી ગામેતી (રહે. તલૈયા, વિચ્છીવાડા રાજસ્થાન) ને શામળાજી રતનપુર બોર્ડર નજીકથી પકડી પાડ્યો હતો. પોલીસને આરોપીની તપાસ દરમિયાન રૂ.૧૨ લાખ રીકવર કરવામાં આવ્યા છે. આ રૂપીયા તેણે પોતાના અન્ય સાગરીતો સાથે મળી છત્રાલ હાઈ વે ઉપર આંગડીયા પેઢીના માણસો પાસેથી રૂ. ૨ કરોડ નવ લાખની લુંટ કરી હતી તે પૈકીના હોવાનું હકીકત સામે આવી છે. પોલીસે આરોપીને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચિરવિદાય

● **મુક્તિધામ** ●

- **સ્વ. ભંગી રમણભાઈ મંગાભાઈ,** ઉ.વ. ૬૬, સે-૨૫, જીઆઈડીસી
- **સ્વ. પટેલ કાળાભાઈ અમથીદાસ,** ઉ.વ. ૮૪, રણછોડપુરા, માણસા
- **સ્વ. નાયી શાંતાબેન ચંદુભાઈ,** ઉ.વ. ૬૧, પેથાપુર
- **સ્વ. પટેલ નિરંજનાબેન કાન્તિલાલ,** ઉ.વ. ૬૮, મોખાસણ, કલોલ

## સેક્ટર-૨૭, ગાયત્રી સોસાયટીમાં અંબાજી માતાજી મંદિરના પાટોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૧૩

અંબાજી મંદિરનો પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કોરોનાની મહામારીના સમયમાં સેક્ટર-૨૭, ગાયત્રી સોસાયટીમાં આવેલા અંબાજી માતાજી મંદિરનો પાટોત્સવની ઉજવણી કરાઈ હતી. કોરોનાની મહામારીને કારણે સોપારી હવન કરીને માતાજીના પાટોત્સવની પૂજા અર્ચના કરવામાં આવી હતી. હવન બાદ મંદિરના શિખરે ધજા રોહણનો કાર્યક્રમ યોજાયો હતો. હવનમાં યજમાન તરીકે મિલનભાઈ વ્યાસ અને જાનકીબેન વ્યાસ એ પૂજાનો લાભા લીધો હતો. આ પ્રસંગે અંબાજી મંદિર સમિતિના પ્રમુખ જીવણભાઈ પટેલ સહિત સોસાયટીના રહિશો ઉપસ્થિત રહ્યા હતા.



# ગીચ વસ્તી ધરાવતું નવું સેકટર છતાં સમસ્યાઓથી ત્રસ્ત સેકટર-૩

## સેકટર-૩માં બિસ્માર રોડ-રસ્તા અને જાહેર સફાસફાઈમાં બેદરકારી સાથે કેટલીક પ્રાથમિક સુવિધાઓનો અભાવ : બન્યાં પછી જેનું ઉદઘાટન ના થયું તેવું બંધ સરકારી દવાખાનું અને પાણીના અપૂરતા ફોર્સની ફરિયાદોથી સે-૩ ત્રસ્ત છે




ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરને પાટનગર તરીકે વિકસાવાયું ત્યારથી કેટલાંક સેકટર વીઆઈપી સેકટર તરીકે ઓળખાય છે, જયારે નવા સેકટરો તરીકે વિકાસ પામેલા સેકટરોમાં સેકટર-૩ એક એવું સેકટર છે જે અત્યારે કદાચ સૌથી વધુ વસ્તી ધરાવતું હોવા સાથે મધ્યમવર્ગીય પરિવારોનો વસવાટ ધરાવે છે. સેકટર-૩માં એક પણ સરકારી આવાસ નથી પરંતુ આ સેકટરમાં કુલ ૨૫૪૬ પ્લોટસ પૈકી ૨૫૧૦ પ્લોટ તો ૯૦ મીટરના જ છે જયારે મોટા વૈભવી બંગલા બની શકે તેવા પ્લોટ તો માત્ર ૩૬ જ છે. આ કારણે અહીં સરકારના વર્ગ-૨ અથવા તેથી નીચેની કક્ષાના કર્મચારીઓનો વસવાટ વધુ થયો જે પ્રમાણમાં મર્યાદિત આવક સાથે જીવનનો જંગ લડતા લડતા પરિવાર અને સમાજ વચ્ચે તાલમેલ મિલાવતો આગળ વધી રહ્યો છે. આવું ભરચક સેકટર-૩ અમદાવાદ તરફથી ઈન્ફોસિટી પાસે થઈને મુખ્ય ઘ માર્ગે પ્રવેશદ્વાર સમું હોવા છતાં અહીં અનેક જરૂરી સુવિધાઓનો અભાવ સાલી રહ્યો છે તો સાથે કેટલીક સમસ્યાઓ પણ સેકટરવાસીઓને સતાવી રહી છે.

ગાંધીનગર આમ તો તેના પહોળા અને લીસ્સા રાજમાર્ગો માટે જાણીતું છે પરંતુ સેકટર-૩માં જો ફરવાનું થાય તો તેના બિસ્માર આંતરીક માર્ગો ઉડીને આંખે વળગ્યા વગર રહે નહીં. સેકટર-૩ વસાહત મંડળના અગ્રણીઓના જણાવ્યા અનુસાર શહેરમાં મહાનગરપાલિકાની રચના નાગરિકોની સુવિધા-સુખાકારી વધારવા માટે કરવામાં આવી પરંતુ સેકટર-૩માં આંતરિક રોડ રસ્તાની આટલી બિસ્માર હાલત મનપા બન્યા પછી જોવા મળી રહી છે. ગત વર્ષે માર્ચમાં વસાહત મંડળ તેની રજૂઆત નીચેથી લઈને છેક નવા સચિવાલયમાં માર્ગ અને મકાન વિભાગ સુધી પહોંચી ગયું હતું અને ત્યારે જવાબદાર અધિકારીએ વાત કબૂલીને એપ્રિલથી શરૂ થતાં નાણાંકીય વર્ષમાં નવી ગ્રાન્ટ આવી જાય એટલે વહેલી તકે રોડનું કામ કરાવી દેવાની બાંહેધરી આપી હતી જે પછી હવે બીજો માર્ચ મહિનો આવવાનો થયો પરંતુ કોઈ જોવા સુધ્ધાં નથી આવ્યું. સે-૩ના રસ્તાઓ પર પડેલા કુદરતી ખાડાઓ સાથે રસ્તાની બાજુમાં પણ માનવસર્જીત ખાડાઓ જોવા મળી જાય છે




અને તે ખાડાઓ પાણીના અપૂરતા ફોર્સને કારણે નાગરિકોએ કરવા પડયાં છે. મોટાભાગના ૯૦ મીટરના પ્લોટમાં વસતા મધ્યમવર્ગીઓએ ભાડાની આવકનો સહારો રહે તે માટે ઉપર બે માળ સુધીનું બાંધકામ કર્યું હોવાથી લગભગ ત્રણ ગણી વસ્તીએ પહોંચી ગયેલા સેકટરમાં પાણીના ફોર્સની સમસ્યા કેટલી અકળાવનારી બને?

સેકટર-૩ એટલે સામાજીક સૌહાર્દનું સેકટર પણ કહી શકાય તેમ છે કેમકે અહીં ધાર્મિક સ્થળોમાં પાટનગરના પ્લાનીંગ પહેલાંથી અસ્તિત્વ ધરાવતું વગડાવાળી માતાનું મંદિર હોવા ઉપરાંત દ્વાદશ જયોતિર્લિંગ ધરાવતું વૃક્ષોથી આચ્છાદિત રામેશ્વર મહાદેવ અને શ્રધ્ધાનું કેન્દ્ર બનેલું સાંઈબાબાનું મંદિર ઉપરાંત જૈન મંદિર અને ચર્ચ પણ મોજુદ છે. આમ છતાં જાહેર સાફસફાઈની ભારે લાલીયાવાડીના કારણે કચરાના ઢગ અને તેમાં ખોરાક શોધતી રખડતી ગાયો, રખડતાં કૂતરાં વગેરેનો ત્રાસ સતાવી રહ્યો છે. હજુ થોડા સમય પહેલાં જ સે-૩-સીમાં દોડતા ગાય-આખલાના ધણે એક ૨૦ વર્ષીય યુવાન જે પોતાના માત્ર એક વર્ષના ભત્રીજાને તેડીને જઈ રહ્યો હતો તેને હડફેટે લઈને હોસ્પિટલ ભેગો કરી લીધો હતો. સેકટર-૩ની ફુટપાથ અનેક સ્થળેથી તુટી ગયેલી છે. તેમજ ફુટપાથો પર કપાયેલા-સુકાયેલા વૃક્ષોના હુંઠા હોવાથી રાત્રિના સમયે કે વહેલી પરોઢે ચાલવા નીકળેલાં નાગરિકો અથડાઈને ગડથોલિયા પણ ખાઈ જાય છે. ચર્ચની બાજુમાં ખુલ્લો પ્લોટ ઝાડી-ઝાંખરા સાથે ગંદકી ઉપરાંત અસમાજિક તત્વોનો અડ્ડો બની ગયો છે, અગાઉ અહીંથી દારૂ સાથે દારૂડિયા પણ ઝડપાઈ ચુકયાં છે.






સેકટર-૩ વસ્તીની આટલી ગીચતા ધરાવતું હોવા છતાં અહીં નથી રંગમંચ કે નથી કોઈ મોટા ક્રિડાંગણ. આખા સેકટરમાં બગીચો પણ એક જ છે જે તાજેતરમાં રિનોવેટ તો કરાયો છે પરંતુ તેની આસપાસ બનવાયેલા પાર્કિંગમાં સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવાનું જ તંત્ર ભૂલી ગયું છે. સેકટરમાં એક સરકારી પ્રાથમિક શાળા છે પરંતુ સરકારી માધ્યમિક શાળા માટે દૂરના સેકટરમાં જવું પડે છે જયારે સેકટરના શોપીંગ સેન્ટરમાં વધી ગયેલા ખાનગી ટયુશન કલાસીસના કારણે ટ્રાફિકમાં વધારા સાથે આડેધડ પાર્કિંગની સમસ્યાએ પણ માથું ઉંચકયું હોવાની વસાહત મંડળ ફરિયાદ વ્યકત કરી રહ્યું છે.

જો કે સે-૩ વસાહત મંડળને સૌથી વધુ જો કોઈ વાત સતાવી રહી હોય તો તે છે કે સેકટરમાં ખંડરે બની ગયેલું સરકારી દવાખાનાનું મકાન છે. વસાહત મંડળના હોદ્દેદારોના જણાવ્યા અનુસાર આ દવાખાનું બનાવ્યું પરંતુ તેનું ઉદઘાટન જ કરાયું નથી અને વગર ચાલુ થયે ખંડેર થઈ ગયું. મહાનગરપાલિકાના પ્રથમ મેયર મહેન્દ્રસિંહ રાણાએ તે સમયે જાત મુલાકાત લઈને સત્વરે શરૂ કરવાનું આપેલું વચન પણ મનપાએ ભુલાવી દીધું અને આ હયાત મકાન હોવા છતાં બાજુના સેકટરમાં નવા દવાખાના બનાવી દેવાયા. આ સરકારી દવાખાનાને શરૂ કરવા આંદોલન સુધ્ધાં કરી ચુકેલા વસાહતીઓ હાલ તો ખંડર બની વેડફાતી જાહેર મિલ્કત અને તેની આડશમાં વિકસી ગયેલી ગેરકાયદેસર ઝુંપડપટ્ટી જોઈને વસવસો કરી રહ્યા છે.

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com

●●●

સરકારી દવાખાનાની આટલી મોટી ઈમારત વગર વાપરે જર્જરિત થઈ ગઈ છતાં તંત્ર અગમ્ય કારણોસર આંખ આડા કાન કરી રહ્યું છે. કોરોના મહામારીઓમાં સરકારે તંબુમાં આરોગ્ય કેન્દ્રો ચલાવ્યા પરંતુ અહીં તૈયાર મકાન હોવા છતાં તેનો કોઈ ઉપયોગ ન કર્યો તે આશ્ચર્યજનક છે.

**- વિક્રમભાઈ પટેલ**
**પ્રમુખ, સે-૩ વસાહત મંડળ**

●●●

સે-૩માં અનેક જરૂરી સુવિધાના અભાવ સાથે રોડ રસ્તાની બિસ્માર હાલત સતાવી રહી છે. અહીં જાહેર સાફસફાઈનો અભાવ છે. પાણીનો ફોર્સ ખૂબ જ ઓછો હોવાની તકલીફ છે તેમજ ગેરકાયદેસર ઝુંપડપટ્ટીઓ, રખડતી ગાયો, કૂતરાં તથા ખુલ્લા પ્લોટોમાં વરસાદી પાણીના ભરાવાની સમસ્યા સતાવે છે.

**- નરસિંહભાઈ પરમાર**
**મંત્રી, સે-૩ વસાહત મંડળ**

●●●

સે-૩માં રંગમંચ કે બાલ ક્રિડાંગણ તો નથી પરંતુ નજીકમાં કોઈ બેંક કે એટીએમની સુવિધા પણ નથી. સેકટરમાં કેટલાંક નાગરિકો પર્યાવરણના જતન માટે મહેનત કરે છે પરંતુ મોટે ભાગે પર્યાવરણ જાગૃતિનો અભાવ વર્તાય છે. સેકટરમાં ભરાતા વરસાદી પાણી અંગે ફરિયાદ કરવા જઈએ તો સુવિધા કચેરીએ જ પાણી ઉલેચવું પડે તેવી સ્થિતિ હોય છે.

**- વિપુલભાઈ ભટ્ટ**
**નિવૃત્ત સરકારી અધિકારી અને જાગૃત વસાહતી**

## જન્મદિને વધામણી


પ્રમોદભાઈ કપાસી


વીરેન્દ્ર ઓઝા
એરિયા મેનેજર
સારાભાઈ કેમિકલ
મો. ૯૮૨૪૦ ૯૬૨૯૩


હેત જિજ્ઞેશભાઈ પ્રજાપતિ
મો. ૯૬૬૨૦ ૪૧૯૮૫



નવ્યા
જીતેન્દ્રકુમાર ધરવાડીયા


દક્ષ રાણા


રશ્મિન પરીખ
મો. ૯૯૯૮૯ ૫૯૬૪૬


વસંતકુમાર રમણિકલાલ બ્રહ્મભટ્ટ
નિવૃત્ત સહાયક માહિતી નિયામક
મો. ૯૩૭૫૯ ૫૮૭૫૧


અર્વીબા વિવેકસિંહ ચૌહાણ


સ્પંદન હીરેન પટેલ


લીઝા મનોજભાઈ વાઘેલા